| GJVD050018272016 | સત્यमेव जयते | પ્રાપ્તિ તારીખ | 05.04.2016 | | |
|---|---|---|---|---|---|
| | | દાખલ તારીખ | 05.04.2016 | | |
| | | ફેંસલ તારીખ | 07.07.2026 | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | 10 | 03 | 02 |

---

# સાવલીના અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. સાવલી, જિ.વડોદરા.

---

*ગુના મુકદમા નં.૫૨૫/૨૦૧૬*
*આંકઃ–*

*ફરિયાદીઃ–* *શ્રી સરકાર*

*// વિરૂધ્ધ //*

*આરોપીઃ–* (૧) આકીબઅલી આશીફઅલી સૈયદ
(૨) જાવેદઅલી મનવરઅલી સૈયદ
(૩) મોહસીનઅલી અશરફઅલી સૈયદ
તમામ રહેવાસી : ગોઠડા, તા.સાવલી, જી.વડોદરા

**ભારતીય દંડ સંહિતાની કલમઃ– ૩૨૩,૫૦૪,૫૦૬(૨) તથા ૧૧૪ મુજબ...**

| | |
|---|---|
| **ફરિયાદી તરફે એ.પી.પી. શ્રી** | પી. એમ. રાઠોડ |
| **આરોપી નં.૧,૨ તરફે વિ.વ. શ્રી** | આઇ.જે.હરોશી |
| **આરોપી નં. ૩ તરફે વિ.વ. શ્રી** | બી.એ.પટેલ |

**જજમેન્ટ**

(૧) ફરીયાદપક્ષની ટુંકમાં વિગત હકીકત એવી છે કે, ગઇ તારીખ : ૧૭.૦૩.૨૦૧૬ ના રોજ સાવલી કોર્ટમાં મુદતે ત્રણેય આરોપીઓ હાજર રહેલા અને ૧૪:૦૦ વાગ્યે મુદત પડતાં ત્રણેય આરોપીઓએ ફરીયાદીને ગમે તેમ ગાળો આપી ખુન કેસમાં સમાધાન કરવા ધાક ધમકી આપી

ગડદાપાટુનો માર મારી એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો.કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનો ગુનો કર્યો હોવાની હાલની ફરીયાદ ફરીયાદીએ લખાવેલ જે ફરીયાદ સાવલી પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં. ૪૭/૨૦૧૬ થી નોંધી તપાસ કરનાર અમલદારે આરોપીઓ વિરુધ્ધ તપાસ કરી તપાસના અંતે અત્રેથી અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામના આરોપીઓને અત્રેની કોર્ટ ધ્વારા સમન્સ ઈશ્યું કરવામાં આવેલ, આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા તેઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની તમામ નકલો વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ છે અને ગુના અંગે સમજ આપી આંક–૨૮ થી તહોમતનામું ફરમાવી આંક–૨૯ થી આંક–૩૧ લગત ગુનાની પ્લી રેકર્ડ કરવામાં આવતાં તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ ત્યારબાદ સદર કેસ ફરીયાદપક્ષના પુરાવા પર મુલત્વી રાખવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરેલો છે.

**– : મૌખીક પુરાવો :–**

| ક્રમ નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી તાલિબહુસેન મહેમુદઅલી સૈયદની જુબાની | ૩૩ |
| ૨. | મકસુદઅલી અકબરઅલી સૈયદની જુબાની | ૩૮ |
| ૩. | પંચ સાહેદ ઈરશાદઅલી તાહેરઅલી સૈયદની જુબાની | ૩૯ |
| ૪. | પંચ સાહેદ મહંમદઅલી અમીરલઅલી સૈયદની જુબાની | ૪૧ |
| ૫. | સાહેદ ઈન્ઝમામઅલી મહેમુદઅલી સૈયદની જુબાની | ૪૨ |
| ૬. | સાહેદ મહેમુદઅલી મહંમદમીંયા સૈયદની જુબાની | ૪૪ |
| ૭. | સાહેદ સાદીકઅલી અમીરમીંયા સૈયદની જુબાની | ૪૫ |
| ૮. | ડો. અનિરુધ્ધ વિ. તિવારીની જુબાની | ૫૦ |

## -: દસ્તાવેજી પુરાવા :-

| નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૩૪ |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૪૦ |
| ૩. | ઈન્જરી સર્ટીફીકેટ | ૫૧ |

ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૌખીક રીતે ફરીયાદ પક્ષનો પુરાવો પુર્ણ કરવાની જાહેર કરતા ફરીયાદ પક્ષનો પુરાવો પુર્ણ કરવામાં આવેલ છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપીપક્ષે વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવી.

તે બાદ ફરિયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલો પુરાવો ઘ્યાને લેતા વિરૂદ્ધ રજુ થયેલા પુરાવા અન્વયે આરોપીઓ પાસેથી ખુલાસો મેળવવો જરૂરી જણાતો હોય '' સંહિતા'' ની કલમ-૩૧૩ અન્વયે સદર કામે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ ફરીયાદ પક્ષના પુરાવાની તમામ હકિકતોનો ઈન્કાર કરેલ છે.ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની તેમજ બચાવ પક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી છે.

(૪) ફરીયાદીની ફરીયાદ હકીકત ઘ્યાને લેતાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

### મુદ્દાઓ

૧. શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તારીખ : ૧૭.૦૩.૨૦૧૬ ના રોજ સાવલી કોર્ટમાં મુદતે ત્રણેય આરોપીઓ હાજર રહેલા અને ૧૪:૦૦ વાગ્યે મુદત પડતાં ત્રણેય આરોપીઓએ ફરીયાદીને ગમે તેમ ગાળો આપી ખુન કેસમાં સમાધાન કરવા ધાક

ધમકી આપી ગડદાપાટુનો માર મારી એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો.કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

(૫) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના અત્રેની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

## –કારણો–(પુરાવાનું મુલ્યાંકન)

(૬) આ કામે ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલ લેખીત તથા મૌખીક દસ્તાવેજી પુરાવાઓનુ તટસ્થ રીતે મુલ્યાંકન કરતા આરોપીઓ વિરુદધ ઈ.પી.કો કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના આક્ષેપોની ફરીયાદ પુરવાર કરવાની રહે છે.

સદર કામે ફરીયાદી તાલીબહુસેન મહેમુદઅલી સૈયદનાઓએ આંક : ૩૩ થી આપેલ જુબાનીમાં જણાવેલ છે કે બનાવ તારીખ : ૧૭/૦૩/૨૦૧૬ ના રોજ સાવલી કોર્ટ પાર્કીગમાં બનેલો. બનાવ સમયે તેઓ અને તેમના ભાઈ ઈન્ઝમામઅલી નાઓ આવેલાની હકીકત જણાવે છે. તે સમયે તેઓના ભાઈ ઈન્ઝમામઅલી કોર્ટમાં હતા અને ફરીયાદી તેઓનુ બાઈક લેવા પાર્કીગમાં આવેલા અને આ કામના આરોપીઓ જે ફરીયાદીના પિતાના ખુનના કેસના પણ આરોપીઓ છે. જેથી ફરીયાદી અને આરોપીઓ વચ્ચે બનાવ બનેલાની હકીકત ફરીયાદીએ જણાવેલ અને વધુમાં જણાવેલ કે આ કેસમાં સમાધાન કરીલે નહીતર તને જાનથી મારી નાંખીશુ ની ધમકી પણ આપેલી. વધુમા આ કામના આરોપીઓએ ફરીયાદીને ગાળો બોલેલી જેથી ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા , અકીબઅલીનાઓએ શર્ટ ફાડી નાંખેલો. તેમજ જાવેદઅલી અને મોહસીન

અલીનાઓએ ગડદાપાટુનો માર મારેલાની હકીકત જણાવેલ છે. ફરીયાદીએ વધુમાં જણાવેલ છે કે તેઓને સાદીકઅલી સૈયદનાઓએ આ માર માંથી છોડાવેલો. આમ સદર ફરીયાદી તેઓની સરતપાસમાં બનાવ કોર્ટ ની પાર્કીગની જગ્યામાં અને સાહેદ સાદીકઅલી સૈયદનાઓએ માર માંથી છોડાવેલાની હકીકત જણાવેલ છે. વધુમાં જનમોત્રી હોસ્પીટલમાં સારવાર કરાવેલ અને તે જ દીવસે રજા આપેલાની હકીકત જણાવેલ છે. જયારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે સાહેદ સાદીકઅલી સૈયદ તેઓના સગા થાય છે. સદર કામે ફરીયાદીના કથન અનુસાર સાદીકઅલીની જુબાની ધ્યાને લેવામાં આવે તો , સદર સાહેદને આંક : ૪૫ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સરતપાસમાં જણાવેલ છે કે તેઓ કોર્ટ ની બહાર કમ્પાઉન્ડમાં ઉભા હતા તે સમયે તેઓ ત્યાં ગયેલા અને જોયેલ કે આકીબઅલીનાઓએ ફરીયાદીનુ ગળુ પકડેલુ અને મોહસીન અલી અને જાવેદઅલી માર મારતા હતા. જયારે ફરીયાદીનુ કથન જોવામાં આવેતો આરોપી આકીબઅલીએ ગળુ પકડેલુ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી. જયારે ફરીયાદીના કથન મુજબ સદર સાહેદે તેઓને માર થી છોડાવેલા. જયારે સદર સાહેદ એવી કોઇ હકીકત જણાવતા નથી કે તેઓએ ફરીયાદીને આરોપીઓના મારથી છોડાવેલા. જયારે સદર સાહેદ ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન ન આપતા તેઓને ફરીયાદ પક્ષે સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરતા સદર સાહેદે જણાવેલ કે તેઓએ પોલીસ રૂબરૂ એવુ લખાવેલ કે આરોપીઓ તાલીબને ગળદાપાટુનો માર મારતા હતા. જયારે સદર સાહેદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદની હકીકત તથા તેઓની સરતપાસની જુબાનીથી બીલકુલ વિરૂધ્ધ ની હકીકત જણાવે છે. સદર સાહેદ ઉલટતપાસમાં જણાવે છે કે બનાવ પાર્કીગમાં બનેલો અને તેઓ કોર્ટમા હતા. જયારે સરતપાસમાં

એવુ જણાવે છે કે તેઓ કોર્ટની બહાર કમ્પાઉન્ડ માં ઉભા હતા. આમ તેઓની હાજરી બાબતે વિરોધાભાષી હકીકત જણાવે છે. વધુમાં જણાવેલ છે કે ઘણોબધો અવાજ થતો તેઓ ત્યાં પહોચેલા. તે સમયે ઘણાબધા માણસોનુ ટોળુ તથા પોલીસ વાળા પણ ભેગા થઇ ગયેલા. જેથી આરોપીઓ પોલીસની બીકથી ભાગી ગયેલા. તેમજ ફરીયાદી તેઓના સગા થાય છે. આમ ફરીયાદી જે સાહેદ સાદીકઅલી બાબતે જણાવે છે કે તેઓને છોડાવવા આવેલા તે સાહેદ ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થન આપતા નથી. વધુમા ફરીયાદીએ સાહેદ સાદીકઅલીને પોતાને 'બચાવનાર' તરીકે રજૂ કર્યા છે, પરંતુ સાહેદ સાદીકઅલી પોતે પણ ફરીયાદીના નજીકના સંબંધી હોવાનું સ્વીકારે છે. પુરાવા અધિનિયમની કલમ ૧૪૫ મુજબ, જ્યારે કોઈ સાક્ષીની જુબાનીમાં અગાઉના નિવેદન સાથે વિરોધાભાસ જણાય, ત્યારે તેની વિશ્વસનીયતા શંકાસ્પદ બને છે. અહીં, ફરીયાદી અને સાહેદ બંને એકબીજાના સમર્થનમાં પૂર્વ–આયોજિત જુબાની આપતા હોય તેવતુ ફલીત થાય છે. એક સાક્ષી જ્યારે બીજા સાક્ષીની જુબાનીને 'સાબિત' કરવા માટે જ હાજર હોય, ત્યારે તે રસ ધરાવતા સાક્ષી તરીકે ગણાય છે. ફરીયાદી જણાવે છે કે સાદીકઅલીએ તેમને બચાવ્યા, પરંતુ ઉલટતપાસ દરમિયાન એવી હકીકત રેકર્ડ પર  આવી છે કે તે સમયે કોર્ટના પાર્કિંગમાં ઘણા લોકો હાજર હતા, છતાં સાદીકઅલી સિવાય કોઈ પણ અન્ય તટસ્થ વ્યક્તિએ આ ઝઘડા કે સાદીકઅલી દ્વારા છોડાવવાની ઘટના જોઈ હોય તેવો કોઈ પુરાવો નથી. અહીં માત્ર બે જ વ્યક્તિઓ ફરીયાદી અને સાહેદ એકબીજાની જુબાનીને પુષ્ટિ આપી રહ્યા છે,

(૬.૧) જયારે આંક : ૩૮ થી સાહેદ મકસુદઅલી અકબરઅલી સૈયદનાઓને તપાસવામાં આવેલા છે. સદર સાહેદ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરેલ

નથી. તેમજ આંક : ૩૯ થી સાહેદ ઇરશાદઅલી તાહેરઅલી સૈયદનાઓને તપાસવામા આવેલા છે. સદર સાહેદનાઓએ જણાવેલ છે કે તેઓની સહી પોલીસ સ્ટેશન ખાતે તેઓના લખાવ્યા મુજબના પંચનામા માં સહી લેવામાં આવેલી. બનાવના દિવસે તેઓ કોર્ટમાં હતા અને આરોપીઓ આકીબઅલી અને જાવેદઅલીનાઓ, ઇન્ઝમામઅલી ને ગડદાપાટુનો માર મારતા હતા અને તેઓએ તેમને છોડાવેલા ની હકીકત જણાવે છે. જયારે ફરીયાદી આવી કોઇ હકીકત જણાવતા નથી કે સાહેદ મકસુદઅલી પણ બનાવ સમયે હાજર હતા અને તેઓને છોડાવેલા હોય. જયારે સદર સાહેદ ફરીયાદીના ભાઇ ઇન્ઝમામઅલીને મારતા હતા તે હકીકત જણાવે છે. જયારે બનાવ ફરીયાદી તાલીબહુસેન સાથે બનેલ છે. આમ સદર સાહેદ પણ બનાવની હકીકતથી ભીન્ન હકીકત જણાવે છે. જયારે સદર સાહેદ તો પંચ તરીકે હાલના કેસમાં લેવામાં આવેલ છે. જયારે પંચમાં રહેવા ફરીયાદીના કહેવાથી ગયેલા અને તેઓના કહેવાથી સહી કરેલાની હકીકત જણાવે છે.

(૬.૨) જયારે આંક :૪૧ થી ગુનાવાળી જગ્યાના પંચ મહંમદઅલી અમીરઅલી સૈયદનાઓને તપાસવામાં આવેલા છે. સદર પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન આપે છે અને તેઓના લખાવ્યા મુજબનુ પંચનામુ લખી લેવામાં આવેલુ. તેમજ આંક : ૪૦ ના પંચનામાની સહી ઓળખી બતાવેલ છે. જયારે આંક : ૪૨ થી સાહેદ ઇન્ઝમામઅલી મહેમુદઅલી સૈયદનાઓને તપાસવામાં આવેલા છે. સદર સાહેદનાઓ સરતપાસમાં તેઓ ફરીયાદી ને આરોપીઓએ માર મારેલાની હકીકત જણાવેલ છે પરંતુ બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે એ વાત ખરી છે કે મારા પોલીસ રૂબરૂ ના નીવેદનમાં મે એવુ જણાવેલ છે કે બનાવના સમયે હુ કોર્ટમા હતો અને મારો ભાઇ પાર્કીગમાં બાઇક લેવા ગયેલો. હુ જેવો પાર્કીગમાં પહોચ્યો ત્યારે

સાદીકભાઇનાઓએ બંને ને છુટા પાડી દીધેલા. એ વાત ખરી છે કે બનાવ સમયે કોર્ટમા અને પાર્કીગમા ઘણબધા માણસો હતા.

આમ સદર કામે સાહેદ ઈન્ઝમામઅલીના પિતાનું ખૂન આરોપીઓ દ્ધારા કરવામાં આવ્યું છે. જ્યારે કેસના પક્ષકારો વચ્ચે 'ખૂન' જેવી ગંભીર ઘટના બનેલી હોય, ત્યારે બંને પક્ષો વચ્ચેની દુશ્મનાવટ અત્યંત તીવ્ર હોય છે. કાયદાકીય રીતે, આવા કિસ્સામાં સાક્ષીઓ 'નિષ્પક્ષ' રહેવાને બદલે 'પક્ષપાતી' બની જાય છે. અત્રેની અદાલત એ બાબતની ગંભીર નોંધ લેવી જોઈએ કે સાહેદ દ્ધારા અપાયેલી જુબાની કોઇ વેરભાવ ના આશયથી તો આપવામા આવેલ નથી ને, સદર કામે પક્ષકારો વચ્ચે અગાઉના સેશન્સ કેસની હકીકત પણ એકબીજા ઉપર આક્ષેપ ના કારણે હીત ધરાવનાર સાક્ષીમાં પરીણમે છે.

(૬.૩) સદર કામે આંક : ૪૪ થી સાહેદ મેહમુદઅલીને તપાસવમાં આવેલા છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે બનાવ પાર્કીગમાં બનેલાનુ અને તેઓએ ફરીયાદીને છોડાવેલા અંગેની હકીકત સરતપાસમાં જણાવે છે પરંતુ બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે "એવું બનેલ નથી કે આરોપીઓ ફરિયાદીને મારતા હતા અને હું છોડાવતો હતો. આમ સદર સાહેદ બનાવ નજરો નજર જોયેલ હોય તે બાબતે શંકા ઉપજાવે છે. સદર સાહેદ ને પુછવામાં આવેલ કે તેઓ કોર્ટમાં કેમ આવેલા તેના જવાબમાં જણાવેલ કે બનાવના દિવસે તેઓને કોર્ટમાં કોઈ મુદત નહતી પરંતુ તેઓના બનેવીની મુદત હતી તેથી કોર્ટમાં આવેલ હતા. તેમજ ફરીયાદી તેઓના સગા થાય છે. આમ જયારે સાહેદ પોતે જ સ્વીકારે કે તે ફરિયાદી સાથે લોહીના કે અંગત સંબંધો ધરાવે છે ત્યારે તે સાક્ષીને સ્વતંત્ર સાક્ષી ગણી શકાય નહીં

(૬.૪) સદર કામે આંક ૫૦ થી મેડીકલ ઓફીસર ડો અનીરૂદધ તીવારીનાઓને તપાસવામાં આવેલા છે સદર મેડીકલ ઓફીસર તેઓની જુબાનીમાં જણાવે છે કે બનાવના દીવસે ચાદી સાથે ફરીયાદી સારવાર માટે આવેલા અને તેઓની તપાસ કરતા તેઓએ મારામારી તથા ઝપાઝપી થયેલાનુ જણાવેલ ગળાના ભાગે લાલશ તથા ખભાના દુખાવા બાબતે ફરીયાદ કરેલી ઈજાઓ તાજી અને બોથડ સાધન થી થઈ શકે તેવી હતી જયારે બચાવ પક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે મેડીકલ હિસ્ટ્રીમાં કોણ કોની સાથે ઝપાઝપી કરેલ તે જણાવેલ નથી.

૭. સદર કામે આરોપીઓ ઉપર આક્ષેપિત ગુનાની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો, ભારતીય ફોજદારી ધારાની કમલ : ૩૨૩ મુજબ , મેડીકલ ઓફીસરના પુરાવામાં ફરીચાદીને ગળાના ભાગે લાલશ તથા ખભાના ભાગે દુખાવાની ફરીયાદ કરેલ છે, પરંતુ સદર કામે ફરીયાદપક્ષ ના સાહેદો બનાવની હકીકતને સમર્થન ન કરતા હોય, મેડીકલ ઓફીસરના પુરાવામાં રેકર્ડ પર આવેલ ઈજાઓ આરોપીઓના કૃત્યથી સંભવ થયેલ છે કે કેમ તે ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. વધુમાં આરોપીઓ ઉપર ભારતીય ફોજદારી ધારાની કલમ : ૫૦૪ , ૫૦૬(૨) , તથા ૧૧૪ મુજબના ગુનાનો પણ આક્ષેપ છે.

૮. વધુમાં આ કામે આરોપી ઉપર ઇ.પી.કો. કલમ–૫૦૪,૫૦૬(૨) મુજબનો આક્ષેપ કરવામાં આવેલ છે. પરંતુ રજુ પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષે આ બાબતે માનવા લાયક પુરાવો રજુ રાખેલ ન હોઈ આ ગુના હેઠળ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ પ્રોસીકયુશન ધ્વારા પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવા માટે આ કામે ફરીયાદી તથા અન્ય સાહેદો તપાસવામાં આવેલા છે. સાહેદોની ઉલટ તપાસ થકી આરોપીના વિ.વકીલશ્રી એવી દલીલ કરે છે કે, ફરીયાદી તથા અન્ય સાહેદોની જુબાની

જોતાં, એ હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી કે, આ કામના આરોપીઓએ ઈ.પી.કો. કલમ– ૫૦૪,૫૦૬(૨) હેઠળનો ગુન્હો કરેલ હોય. જે સંબંધે રેકર્ડ પરના પુરાવાઓ જોવામાં આવે તો, ફરીયાદી તથા અન્ય સાહેદની જુબાની જોતાં, તેઓએ પોતાની જુબાનીમાં એવી કોઈ હકીકત જણાવતા નથી કે જેથી આરોપીઓને ઈ.પી.કો. કલમ– ૫૦૪, ૫૦૬(૨) હેઠળ તકસીરવાન ઠરાવી શકાય. વધુમાં ના. ગુજ.વડી અદાલતે ''પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત '' જે ૨૦૦૭(૧) જી.એલ.એચ. પાન નં. ૩૩૭ ના ચૂકાદામાં એમ ઠરાવેલ છે કે, In order to convict an accused under Section-504 of Indian Penal Code, the actual word used by the accused must be brought on record by the prosecution from the mouth of the witness. The insult envisaged by Section-504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence In order to convict an accused under Section-506(2) of Indian Penal Code, the threat as contemplated in Section-506 must cause alarm in the mind of person so threatened. આમ ના. ગુજરાત વડી અદાલતે એમ ઠરાવેલ છે કે, આરોપીને ઈ.પી.કો. કલમ–૫૦૬(૨) હેઠળ તકસીરવાન ઠરાવવા માટે આરોપી ધ્વારા બોલવામાં આવેલા શબ્દો રેકર્ડ પર આવવા જરૂરી છે તથા તે શબ્દો જે વ્યકિતને ઉદેશીને બોલવામાં આવેલ હોય તે વ્યકિત જાહેર શાંતિનો ભંગ કરવાપ્રેરાયેલ હોવી જોઈએ કે તેમ કરવા સંભવ હોય.વધુમાં ઈ.પી.કો.કલમ–૫૦૬(૨) હેઠળ તકસીરવાન ઠરાવવા માટે જે વ્યકિતને ધમકી આપવામાં આવી હોય તે વ્યકિતને ભય ઉત્પન્ન થયેલ હોવો જોઈએ.આમ, ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેની હકીકતો રેકર્ડ પર આવેલ ન હોય આરોપીઓને સદર ગુન્હામાં પુરાવાના અભાવે શંકાનો લાભ આપવો ન્યાયોચિત જણાય છે.

૯. આમ, ઉપરોકત હીકકતે સદર કેસનુ સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી તાલીબહુસેન, સાહેદ સાદીકઅલી આંક–૪૫ થી અને મેહમુદઅલી આંક ૪૪ ની જુબાનીઓમાં ઘટનાસ્થળ, ઘટનાક્રમ અને બચાવનાર વ્યક્તિ અંગે ગંભીર વિરોધાભાસ છે. ફરીયાદી સાદીકઅલીને બચાવનાર ગણાવે છે, જયારે સાહેદ મહેમુદઅલી જણાવે છે કે આરોપીઓ ફરીયાદીને મારતા હોય અને તેઓએ છોડાવેલા હોય તેવુ બનેલ નથી. આમ બંને મહત્વના સાહેદો ફરીયાદ પક્ષના બનાવની હકીકતને સમર્થન આપતા નથી. જયારે આખો બનાવ કોર્ટના પાર્કિંગ જેવા જાહેર સ્થળે બનેલ હોવાની હકીકત જણાવેલ છે. જ્યાં તે સમયે પોલીસ કર્મચારીઓ અને અન્ય લોકો હાજર હતા. તેમ છતાં, ફરિયાદ પક્ષે એક પણ તટસ્થ સાક્ષીને તપાસ્યા નથી. જે સાક્ષીઓને તપાસવામાં આવ્યા છે તે તમામ ફરિયાદીના સગા કે સેશન્સ કેસના સહ–પક્ષકારો છે. આવા 'ઇન્ટરેસ્ટેડ સાક્ષીઓ' ની જુબાની વિશ્વસનીય ગણી શકાય નહીં, કારણ કે તે માત્ર વેરઝેરની ભાવનાથી પ્રેરાયેલી છે. સદર કામે તપાસ કરનાર અમલદાર ધ્વારા એવા એકપણ સાહેદના નીવેદન લેવામાં આવેલ નથી કે બનાવની હકીકતને સ્વતંત્ર રીતે સમર્થન પ્રાપ્ત કરી શકે કે જયારે બનાવ એક જાહેર સ્થળ ઉપર બનેલ હોય. વધુમા આરોપીઓ ફરિયાદીના પિતાના ખૂનના કેસમાં આરોપી હોવાથી, બંને પક્ષો વચ્ચે ગંભીર અદાવત રેકર્ડ પર આવેલ છે. જે બાબત પુર્વગ્રહયુકત જુબાની આપવા બાબતનો ઇન્કાર કરી શકાય નહી. આમ જ્યારે ફરિયાદ અને સાહેદોની જુબાનીઓ એકબીજા સાથે સુસંગત થતી ન હોય, સાહેદો પોતે જ ઘટનાનો ઈન્કાર કરતા હોય અને સમગ્ર કેસ માત્ર જૂની દુશ્મનાવટ પર આધારિત હોય, ત્યારે ભારતીય પુરાવા અધિનિયમ હેઠળ આરોપીઓને 'શંકાનો લાભ' મળવો જોઈએ. ફરીયાદ પક્ષ તેમનો કેસ 'શંકાથી પર' સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યો છે. જેથી મુદ્દા નંબર : ૧ નો

જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નંબર : ૨ નો જવાબ આખરી હુકમ મુજબ ઠરાવુ છું.

**– :: આ ખ રી હુ ક મ ::–**

– આ કામના આરોપીઓ (૧) આકીબઅલી આશીફઅલી સૈયદ (૨) જાવેદઅલી મનવરઅલી સૈયદ (૩) મોહસીનઅલી અશરફઅલી સૈયદ, તમામ રહેવાસી : ગોઠડા, તા.સાવલી, જી.વડોદરા નાઓને સાવલી પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૪૭/૨૦૧૬ ના ગુનાના કામે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૪૮ (૧) અન્વયે, ઇ.પી.કો.કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

– **પ્રત્યેક** આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(ક) અન્વયે અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/–(અંકે રૂપીયા પાંચ હજાર) પુરાના જામીન તથા જાત મુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ : ૦૭ મી, માહે–જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૦૭/૦૭/૨૦૨૬
સ્થળ : સાવલી.

**(એમ.એ.શેખ)**
અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
સાવલી, જિ.વડોદરા.
**કોડ નં. જી.જે.૦૧૧૫૨**

એસ.એમ.મદારી/પી.એ.